| | | | |
|---|---|---|---|
| **આંક** | | **૫૭** | |
| દાખલ તારીખ | ૧૫ | ૦૭ | ૨૦૨૨ |
| રજિસ્ટર તારીખ | ૧૫ | ૦૭ | ૨૦૨૨ |
| ફેંસલ તારીખ | ૧૩ | ૦૫ | ૨૦૨૬ |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૩ | ૦૯ | ૨૮ |

**નડીઆદના મહેરબાન બીજા એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ, નડીઆદ.**

**ક્રિમિનલ કેસ નંબર–૩૬૮૯/૨૦૨૨**

**ફરિયાદી:**
**હેમંતભાઇ બી. કોઠારી,**
ઉં.વ. આશરે ૬૨, ધંધો: નોકરી,
રહે.૪૧, સાંઇકુટીર, સંગા પાર્ટી પ્લોટની સામે,
ઉત્તરસંડા, તા.નડીઆદ, જી. ખેડા.

**વિરુદ્ધ**

**આરોપી:**
**અભિજીત પુરૂષોતમદાસ ઝા,**
ઉં.વ. આશરે પુખ્ત, ધંધો: નોકરી,
રહે: ૫, સુંદરવન સોસાયટી, મંજીપુરા રોડ,
મુ.તા.નડીઆદ, જી. ખેડા.

**ગુનો: ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ.**

---

ફરિયાદી પક્ષે: વિદ્વાન વકીલશ્રી કે.આર.બ્રહ્મભટ્ટ
આરોપી પક્ષે: વિદ્વાન વકીલશ્રી એલ.વી.ઠાકુર

---

**–॥ ચુ કા દો ॥–**

**ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત :**

**૧**) ફરિયાદની ટૂંકમાં હકીકતો એવી છે કે, ફરીયાદી તથા આરોપી ઉપરોકત જણાવેલ સરનામે રહે છે. ફરીયાદી અને આરોપી વચ્ચે મીત્રતાના સંબંધો હોઈ આરોપીને નાણાંકીય જરૂરીયાત હોઈ ફરીયાદી પાસે હાથઉછીના રૂા.૯૫,૦૦૦/– (અંકે પંચાણુ હજાર) પુરાની માંગણી કરતા ફરિયાદીએ જુલાઈ–૨૦૨૧ ના અરસામાં રૂા.૯૫,૦૦૦/– (અંકે પંચાણુ હજાર) આરોપીને છ મહીનામાં પરત આપવાની શરતે હાથઉછીના આપેલ હતા. ત્યારબાદ છ માસનો સમય વીત્યા બાદ ફરિયાદીએ આરોપી પાસે રૂા.૯૫,૦૦૦/– (અંકે પંચાણુ હજાર) ની કડક શબ્દોમાં ઉઘરાણી કરતા આરોપીએ ફરીયાદીને તેઓની બેન્ક ઓફ બરોડા, માતર, જી.ખેડા શાખાનો ચેક **નં–૦૦૦૧૧૩** નો તા.૨૨/૦૪/૨૨ ના રોજનો રૂા.૯૫,૦૦૦/– (અંકે પંચાણુ હજાર) પુરાનો તેમની સહી કરીને ફરીયાદીના નામનો લખી આપેલ હતો અને ચેક તારીખે બેન્કમાં ભરતા નાણાં જરૂરથી મળી જશે તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપેલો. જેથી ફરિયાદીએ સદર ચેક તેમની ભારતીય સ્ટેટ બેન્ક, સંતરામ મંદીર, નડીઆદ શાખામાં તા.૨૫/૦૪/૨૦૨૨ ના રોજ રજુ કરતા સદર ચેક "**Funds Insufficient**"ના શેરા સાથે તા.૨૬/૦૪/૨૦૨૨ ના રોજ વગર સ્વીકારાયે પરત ફરેલ, જેની જાણ આરોપીને કરતા આરોપીએ જણાવેલ કે ખાતામાં પુરતુ બેલેન્સ ના હોઈ જેથી સદર ચેક તમો એકાદ માસ બાદ ફરીથી ભરશો તો તમોને તમારા ચેકની રકમના લેણા નાણાં જરૂરથી મળી જશે. જેથી ફરિયાદીએ આરોપીના કથન ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી સદર ચેક બીજી વખત તેમની ભારતીય સ્ટેટ બેન્ક, સંતરામ મંદીર નડીઆદ શાખામાં તા.૦૨/૦૬/૨૦૨૨ ના રોજ રજૂ કરતા સદર ચેક "**Funds Insufficient**"ના શેરા સાથે તા.૦૩/૦૬/૨૦૨૨ ના રોજ વગર સ્વીકારાયે પરત આવેલ. જેની જાણ ફરીયાદીને તા.૦૩/૦૬/૨૦૨૨ ના રોજના રીટર્ન મેમા દ્વારા થયેલ અને ચેકની લેણી રકમના નાણાં મળી શકેલા નહી. જેથી ફરિયાદીએ આરોપી વિરૂદ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની

કલમ– ૧૩૮ અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.

**૧.૧)** ત્યારબાદ સદર ચેક રીર્ટન થતા ફરીયાદીએ તેમના વકીલ મારફતે તા.૧૫/૦૬/૨૦૨૨ ના રોજ આરોપીને આર.પી.એ.ડી. ધ્વારા નોટીસ તેમના ઉપરોકત સરનામે મોકલાવેલી. જે નોટીસ આ કામના આરોપીને તા.૧૮/૦૬/૨૦૨૨ ના રોજ બજી ગયેલ હોવા છતાં પણ ફરીયાદીને ચેકમાં જણાવ્યા મુજબની રકમ ચુકવી આપેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. આમ, આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે.

**આરોપીની પ્લી :**

**૨)** ફરિયાદ દાખલ થતા ફરિયાદીનું વેરિફિકેશન લઈ ક્રિમિનલ પ્રોસિજર મુજબ આરોપી વિરુદ્ધ પ્રોસેસ કરવાનો હુકમ કરેલ. ત્યારબાદ આ કામના આરોપી અદાલતમાં હાજર થતા વિના મૂલ્યે નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આંક–૦૯ થી સમન્સ ટ્રાયેબલ કાર્યવાહી મુજબ આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ગુનો કબૂલ નહીં હોવાનું જણાવતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૨.૧)** સદર કામની ફરિયાદની હકીકત, સાથે સામેલ દસ્તાવેજો અને ફરિયાદીનું પુરાવાનું સોગંદનામું ધ્યાને લેતા સમન્સ ટ્રાયેબલ પ્રોસિજર મુજબ પ્લી અને પુરાવો નોંધવામાં આવેલ છે. **નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા મહેસાણા નાગરિક સહકારી બેંક લિ. વિરુદ્ધ શ્રીજી કેબ કંપની એન્ડ અધર્સ ઈટીસી. ૨૦૧૩(૦)એ.આઈ.જે.ઈ.એલ–એસ.સી. ૫૪૭૭૦ ના ચુકાદામાં અવલોકન કરેલ છે કે, "When the evidence is recorded in full and not in a summary manner, there is no need for denovo trial."** નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતોને ધ્યાને લેતા સદર કામે ચાર્જ ડીનોવો કરવાની જરૂરિયાત ઉપસ્થિત થતી ન

હોય કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**ફરિયાદ પક્ષનો પુરાવો :**

**૩)** ઉપરોક્ત કેસના અનુસંધાને ફરિયાદ પક્ષ દ્વારા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

| ક્રમ | મૌખિક પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી હેમંતભાઇ બી. કોઠારીનું સરતપાસનું સોગંદનામું | ૦૪ |

| ક્રમ | દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | અસલ ચેક | ૧૧ |
| ૨ | પ્રથમ વખત ચેક રિટર્ન ફરતા બેંકે આપેલ રિટર્ન મેમો | ૧૨ |
| ૩ | બીજી વખત ચેક રિટર્ન ફરતા બેંકે આપેલ રિટર્ન મેમો | ૧૩ |
| ૪ | આરોપીને વિ.વ.શ્રી. મારફતે આપેલ નોટિસની ઓફિસ કોપી | ૧૪ |
| ૫ | આરોપીને નોટિસ મોકલેલ તે અંગે પોસ્ટ ખાતાની વિન્ડો સ્લીપ | ૧૫ |
| ૬ | આરોપીને નોટિસ મળી ગયા બાબતેનો પોસ્ટ ખાતાનો ઓનલાઇન ટ્રેકિંગ રિપોર્ટ | ૧૬ |
| ૭ | ફરિયાદીના આધારકાર્ડની નકલ | ૧૭ |

**૩.૧)** ફરિયાદ પક્ષે ઉપરોક્ત પુરાવાઓ રજૂ થયા બાદ વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવા નથી તે મતલબની **આંક-૩૫** થી પુરાવો પૂરો થયા અંગેની પુરસીસ રજૂ કરેલ છે.

**આરોપીનું વિશેષ નિવેદન :**

**૪)** ફરિયાદ પક્ષે ઉપર મુજબનો પુરાવો રજૂ થયા બાદ આરોપીનું ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલું છે. જેમાં તેઓએ પોતાની સામેના પુરાવાનો ઇનકાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, "હું નિર્દોષ છુ, મારી ઉપર ખોટો કેસ કરેલ છે, મારો

ચેક કયાંકથી મેળવીને મારી ઉપર ખોટી ફરિયાદ કરેલ છે, હું ફરિયાદીને ઓળખતો નથી કે કોઇ ચેક આપેલ નથી.''

**બચાવપક્ષનો પુરાવો :**

**૫)** ઉપરોક્ત કેસના અનુસંધાને ફરિયાદ પક્ષ દ્વારા નીચે મુજબના મૌખિક પુરાવો રજૂ કરવામાં આવેલા છે.

| ક્રમ | મૌખિક પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | આરોપી અભિજીત પુરૂષોતમદાસજી ઝાનું સરતપાસનું સોગંદનામું | ૪૦ |

**૫.૧)** ફરિયાદ પક્ષે ઉપરોક્ત પુરાવાઓ રજૂ થયા બાદ વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવા નથી તે મતલબની **આંક–૫૧** થી પુરાવો પૂરો થયા અંગેની પુરસીસ રજૂ કરેલ છે.

**પક્ષકારોની દલીલો :**

**૬) ફરિયાદીના વિ.વ.શ્રીએ મૌખિક દલીલો કરેલ છે અને દલીલમાં જણાવેલ છે કે–**

- આંક–૦૪ થી ફરિયાદીની સરતપાસનું સોગંદનામું રજૂ છે. જેમાં ફરિયાદીએ ફરિયાદની હકીકતોને સમર્થન આપેલ છે.
- આંક–૧૧ થી આરોપીએ ફરિયાદીને આપેલ આરોપીની સહીવાળો ફરિયાદીના નામજોગનો અસલ એકાઉન્ટ પેઈ ચેક છે. ચેક ઉપર આરોપીનું નામ અને આરોપીની સહી છે.
- આંક–૧૨ તથા આંક–૧૩ થી રજૂ ચેક રિટર્ન મેમા જોવામાં આવે તો આરોપીએ આપેલ સદર ચેક "**Funds Insufficient**" ના શેરા સાથે પરત આવેલ છે.
- આંક–૧૪ થી આરોપીને આપવામાં આવેલી ડિમાન્ડ નોટિસની

ઓફિસ કોપી છે.

- આંક–૧૫ થી આરોપીને નોટિસ મોકલાવેલ તે અંગેની પોસ્ટ ખાતાની વિન્ડો સ્લીપ રજૂ કરેલ છે.
- આંક–૧૬ થી આરોપીને તેઓના સરનામે આર.પી.એ.ડી.થી નોટિસ મોકલાવેલી તે મળી ગયા અંગેનો પોસ્ટ ખાતાનો ઓનલાઈન ટ્રેકિંગ રિપોર્ટ રજૂ કરેલ છે.
- આંક–૧૭ થી ફરિયાદીના આધારકાર્ડની નકલ રજૂ કરેલ છે.
- ફરિયાદીએ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી ફરિયાદની હકીકતો સાબિત કરેલ છે.
- આરોપીનો ચેક ફરિયાદી પાસે છે.
- આ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮, ૧૩૯ અને ૧૧૮ (એ) મુજબ આ કામના ફરિયાદીની તરફેણમાં અનુમાન જાય છે અને તે ઉનમાનને ખંડિત કરવાની જવાબદારી આ કામના આરોપી પક્ષના શિરે રહેલ છે અને આ કામે બચાવ પક્ષ તેમ કરવામાં નિષ્ફળ નીવડેલ છે.
- ઉપરોક્ત તમામ હકીકતો અને પુરાવો ધ્યાને લેતા ફરિયાદ પક્ષ દ્વારા આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ હોય આરોપીને મહત્તમ સજા તથા કાયદેસર રકમ પરત અપાવવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

**૭) આરોપી તરફે વિ.વ.શ્રી મૌખિક દલીલો કરેલ છે અને જણાવેલ છે કે–**

- આંક–૪૦ થી આરોપી અભિજીત પુરૂષોતમદાસજી ઝાનું સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે, જેમાં ફરિયાદની હકીકતોનો ઈન્કાર કરેલ છે.
- કહેવાતો કોઈ વ્યવહાર થયેલ જ નથી. કહેવાતા વ્યવહાર વખતે આ કામના આરોપી તેમની નોકરી પર ફરજ બજાવતા હતા.
- આ કામના આરોપી અને ફરિયાદી એકબીજાને ઓળખતા જ નથી.

- કહેવાતો કોઈ ચેક આરોપીએ સહી કરીને આપેલ નથી. ફરિયાદીએ આરોપીનો કોરો ચેક મેળવી કોરા ચેકનો દુરુપયોગ કરેલ છે.
- ચેકની વિગતો આરોપીના હસ્તાક્ષરમાં નથી.
- કહેવાતી કોઈ ડિમાન્ડ નોટિસ આરોપીને મળેલ નથી.
- માત્ર દસ્તાવેજો રજૂ રાખવાથી આરોપી ગુનેગાર હોવાનું પુરવાર થાય નહીં.
- આ કામના ફરિયાદી દ્વારા આરોપીના ચેકનો દુરુપયોગ કરેલ છે.
- આ કામના આરોપી સામેનો ગુનો પુરવાર થતો ન હોય તેને છોડી મૂકવા અરજ છે.

**<u>મુદ્દાઓ :</u>**

૮) ઉપરોક્ત હકીકતે સદર કેસના ન્યાયિક નિરાકરણ અર્થે મારા મતે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧) શું ફરિયાદ પક્ષ પુરવાર કરે છે કે, આરોપીએ ફરિયાદીને તેના બાકી નીકળતા નાણાંની ચૂકવણી માટે ચેક નં.૦૦૦૧૧૩ નો રૂા.૯૫,૦૦૦/- નો તા.૨૨/૦૪/૨૦૨૨ ના રોજનો ચેક પોતાની સહી કરી ફરિયાદીને આપેલ, જે ચેક ફરિયાદીએ પોતાની બેંકમાં રજૂ કરતા આરોપીના ખાતામાં "Funds Insufficient"ના શેરા સાથે સ્વીકાર્યા વગર પરત ફરેલ. જેની જાણ ફરિયાદીને થતા તેઓએ આરોપીને તા.૧૫/૦૬/૨૦૨૨ ના રોજ રજિસ્ટર્ડ એ.ડી.થી નોટિસ આપેલી, જે નોટિસ તમો આરોપીને મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં સમયમર્યાદામાં નહીં ચૂકવી દઈ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ સજાને પાત્ર ગુનો કરેલ છે ?

૨) શું બચાવ પક્ષ પુરવાર કરે છે કે, તેમની પાસે ફરિયાદીનું

કાયદેસરનું કોઈ લેણું કે જવાબદારી નથી ?

૩) શું હુકમ ?

**મુદ્દા પરત્વેના નિર્ણયો :**

૯) ઉપરોક્ત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

૧) હકારમાં

૨) નકારમાં

૩) આખરી હુકમ મુજબ

**કારણો :**

**પુરાવાનું મૂલ્યાંકન**

૧૦) આ કામે મુદ્દા નં. ૧ તથા ૨ નો પ્રકાર જોતા તેઓ એકબીજા સાથે સંકળાયેલા હોઈ બિનજરૂરી લંબાઈ અને પુનરાવર્તન નહીં કરવાના હેતુથી તેમની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે. આ કામે આરોપી દ્વારા નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબનો ગુનો કરેલ છે કે કેમ ? તે સમજવા માટે તેની સંલગ્ન વ્યાખ્યાઓ ધ્યાને રાખવી અતિ આવશ્યક છે.

> 6. **"Cheque".**—A "cheque" is a bill of exchange drawn on a specified banker and not expressed to be payable otherwise than on demand and it includes the electronic image of a truncated cheque and a cheque in the electronic form.
>
> 8. **"Holder".**—The "holder" of a promissory note, bill of exchange or cheque means any person entitled in his own name to the possession thereof and to receive or recover the amount due thereon from the parties

thereto. Where the note, bill or cheque is lost or destroyed, its holder is the person so entitled at the time of such loss or destruction.

9. "**Holder in due course**".—"Holder in due course" means any person who for consideration became the possessor of a promissory note, bill of exchange or cheque if payable to bearer, or the payee or indorsee thereof, if 1 [payable to order,]before the amount mentioned in it became payable, and without having sufficient cause to believe that any defect existed in the title of the person from whom he derived his title.

118. **Presumptions as to negotiable instruments**.
—:Until the contrary is proved, the following presumptions shall be made:—

(**a**) **of consideration**:—that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(**b**) **as to date**:—that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(**c**) **as to time of acceptance**:—that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(**d**) **as to time of transfer**:—that every transfer of anegotiable instrument was made before its naturity;

(**e**) **as to order of indorsements**:—that the indorsements appearing upon a

negotiable instrument were made in the order in which they appear then on;

(**f**) **as to stamp**:— that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(**g**) **that holder is a holder in due course**: —that the holder of a negotiable instrument is a holderin due course: provided that, where the instrutment has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

138. **Dishonour of cheque for insufficiency, etc., of funds in the account**.

Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for [a term which may be extended to two years'], or with fine which may extend to

twice the amount of the cheque, or with both:

**Provided that nothing contained in this section shall apply unless**

(a) **the cheque has been presented to the bank within a period of six/three months** from the date on which it is drawn **or within the period of its validity, whichever is earlier**;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a **demand** for the payment of the said amount of money by giving a **notice; in writing,** to the drawer of the cheque, [**within thirty days**] **of the receipt of information by him from the bank** regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque **fails to make the payment** of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, **within fifteen days of the receipt of the said notice**.

Explanation.—For the purposes of this section, "debt of other liability" means a **legally enforceable debt or other liability**.

139. **Presumption in favour of holder**.—It shall be presumed, unless the contrary is proved, **that** the holder of a **cheque received** the cheque of the nature referred to in section138 **for the discharge,** in whole or in part, **of** any **debt or other liability**.

140. **Defence which may not be allowed in any prosecution under section** 138.—Itshall not be a defence in a prosecution for

an offence under section 138 that the **drawer had no reason to believe** when he issued the cheque **that the cheque may be dishonoured** on presentment for the reasons stated in that section.

142. **Cognizance of offences.**—1[(1)] Notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1973 (2 of 1974), —

**(a) no court shall take cognizance of any offence punishable under section** 138 **except upon a complaint, in writing,** made by the payee or, as the case may be, the holder in due course of the cheque;

(b) such complaint is made **within one month of the date on which the cause of action arises** under clause (c) of the proviso to section 138:

2[**Provided that the cognizance of a complaint may be taken by the Court after the prescribed period, if the complainant satisfies the Court that he had sufficient cause for not making a complaint within such period;**]

(c) no court inferior to that of a Metropolitan Magistrate or a Judicial Magistrate of the first class shall try any offence punishable under section 138.].

3[(2) The offence under section 138 shall be inquired into and tried only by a court within whose local jurisdiction,—(a) if the cheque is delivered for collection through an account, the branch of the bank where the payee or holder in due course, as the case may be, maintains the account, is situated; or

(b) if the cheque is presented for payment by the payee or holder in due course, otherwise

through an account, the branch of the drawee bank where the drawer maintains the account, is situated.

Explanation.—For the purposes of clause (a), where a cheque is delivered for collection at any branch of the bank of the payee or holder in due course, then, the cheque shall be deemed to have been delivered to the branch of the bank in which the payee or holder in due course, as the case may be, maintains the account.]

146. **Bank's slip prima facie evidence of certain facts**.—The Court shall, in respect of every proceeding under this Chapter, on production of Bank's slip or memo having thereon the official mark denoting **that the cheque has been dishonoured,** presume the fact of dishonour of such cheque, **unless** and until such fact is **disproved.**

**૧૦.૧)** હવે શું ફરિયાદ પક્ષ દ્વારા રજૂ રખાયેલ તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી આરોપીએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે કે કેમ? તે ઉપરોક્ત વ્યાખ્યાના આવશ્યક તત્ત્વોને ધ્યાને રાખી તપાસવું પડે.

**ચેક રજૂ કરવા બાબત :**

**૧૧)** આ કામે આંક–૧૧ થી રજૂ અસલ ચેક વાંચણે લેવામાં આવે તો તા.૨૨/૦૪/૨૦૨૨ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલ છે. કાયદાની કલમ–૧૩૮ મુજબ તેને મહત્તમ ત્રણ મહિનામાં બેંકમાં રજૂ કરવો પડે. આંક–૧૨ તથા આંક–૧૩ થી રજૂ રિટર્ન મેમા વાંચણે લેવામાં આવે તો તે સદર ચેક બેંકમાં રજૂ રાખવામાં આવ્યાથી સદર ચેક તા.૨૫/૦૪/૨૦૨૨ તથા તા.૦૩/૦૬/૨૦૨૨ ના રોજ પરત ફર્યાનો રિટર્ન મેમા બેંક દ્વારા

આપવામાં આવેલ છે. જે રિટર્ન મેમા વાંચણે લેવામાં આવે તો સદર સમય મર્યાદામાં બેંકમાં રજૂ કરવામાં આવેલ છે. આમ, કાયદાની કલમ–૧૩૮ નું પાલન થાય છે.

**ચેક પરત થવા બાબત :**

**૧૨)** ફરિયાદ પક્ષે આંક–૧૨ તથા આંક–૧૩ થી રજૂ ચેક રિટર્ન મેમા રજૂ રાખેલ છે, જે વાંચણે લેતા સદર ચેક "**Funds Insufficient**" ના શેરા સાથે પરત થયેલ છે. આમ, કાયદાની કલમ–૧૩૮ નું પાલન થાય છે.

**ડિમાન્ડ નોટિસ બાબત :**

**૧૩)** કાયદાની કલમ–૧૩૮ મુજબ ચેક ધારણ કરનારે ચેક ડિશોનર થયાની જાણથી એક મહિનાની અંદર ચેક લખનારને લેખિત ડિમાન્ડ નોટિસથી સદર રકમની માંગણી કરવી પડે. આંક–૧૨ તથા આંક–૧૩ થી રજૂ ચેક રિટર્ન મેમા વાંચણે લેવામાં આવે તો તે અનુક્રમે તા.૨૫/૦૪/૨૦૨૨ તથા તા.૦૩/૦૬/૨૦૨૨ ના છે અને આ કામે આંક–૧૪ થી રજૂ ડિમાન્ડ નોટિસની નકલ વાંચણે લેવામાં આવે તો તે તા.૧૫/૦૬/૨૦૨૨ ની છે. હવે પુરાવાના કામે આંક–૧૬ થી રજૂ કરવામાં આવેલ પોસ્ટ ખાતાનો ઓનલાઈન ટ્રેકીંગ રીપોર્ટ ધ્યાને લેતા સદર નોટિસ આરોપીને તા.૧૮/૦૬/૨૦૨૨ ના રોજ મળી ગયેલ છે. આમ, ફરિયાદીને ચેક રિટર્ન થયાની જાણ થયાથી ત્રીસ દિવસમાં આરોપી પાસેથી લેખિતમાં સદર રકમની માંગણી કરવામાં આવેલ છે. આમ, તેઓ દ્વારા કાયદાની જોગવાઈનું પાલન કરવામાં આવેલ છે.

**૧૪)** આરોપી તરફે પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદી દ્વારા ફરિયાદ દાખલ કરતા પૂર્વે તેઓને જે નોટિસ આપવામાં આવેલ તે સબબ જણાવેલ છે કે ફરિયાદી દ્વારા ખોટી ફરિયાદ દાખલ કરેલ છે અને આમ, તેઓ

દ્વારા સદર નોટિસની હકીકત સબબ તકરાર ઊભી કરેલ છે. તેવા સંજોગોમાં શું તેઓની સદર તકરાર ટકવાપાત્ર છે કે કેમ ? તેનો નિર્ણય કરવો જરૂરી બને છે.

**૧૫)** નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટના 2007(0)**AIJEL SC** 39299 (**SC**), **Criminal Appeal No**. 767 **of** 2007, **C.C**. **Alavi Haji Vs**. **Palapetty Mahammed and Anr**. ના ચુકાદામાં નીચે મુજબ અવલોકનો કરવામાં આવેલ છે.

> 16. As noticed above, the entire purpose of requiring a notice is to give an opportunity to the drawer to pay the cheque amount within 15 days of service of notice and thereby free himself from the penal consequences of Section 138. In Vinod Shivappa (supra), this Court observed:
>
> One can also conceive of cases where a well intentioned drawer may have inadvertently missed to make necessary arrangements for reasons beyond his control, even though he genuinely intended to honour the cheque drawn by him. The law treats such lapses induced by inadvertence or negligence to be pardonable, provided the drawer after notice makes amends and pays the amount within the prescribed period. It is for this reason that Clause (c) of proviso to Section 138 provides that the section shall not apply unless the drawer of the cheque fails to make the payment within 15 days of the receipt of the said notice.
>
> To repeat, the proviso is meant to protect honest drawers whose cheques may have

been dishonoured for the fault of others, or who may have genuinely wanted to fulfil their promise but on account of inadvertence or negligence failed to make necessary arrangements for the payment of the cheque. **The proviso is not meant to protect unscrupulous drawers who never intended to honour the cheques issued by them, it being a part of their modus operandi to cheat unsuspecting persons**.

17. It is also to be borne in mind that the requirement of giving of notice is a clear departure from the rule of Criminal Law, where there is no stipulation of giving of a notice before filing a complaint. **Any drawer who claims that he did not receive the notice sent by post, can, within 15 days of receipt of summons from the court in respect of the complaint under Section 138 of the Act, make payment of the cheque amount and submit to the Court that he had made payment within 15 days of receipt of summons (by receiving a copy of complaint with the summons) and, therefore, the complaint is liable to be rejected. A person who does not pay within 15 days of receipt of the summons from the Court along with the copy of the complaint under Section 138 of the Act, cannot obviously contend that there was no proper service of notice as required under Section 138,** by ignoring statutory presumption to the contrary under Section 27 of the G.C. Act and Section 114 of the Evidence Act. In our view, any other interpretation of the proviso would defeat the very object of the legislation. As

> observed in Bhaskarans case (supra), if the giving of notice in the context of Clause (b) of the proviso was the same as the receipt of notice a trickster cheque drawer would get the premium to avoid receiving the notice by adopting different strategies and escape from legal consequences of Section 138 of the Act.

**૧૬)** આમ, ફરિયાદીએ ચેક રિટર્ન થયાની જાણ થયાથી એક મહિનાની અંદર આરોપી પાસેથી લેખિતમાં સદર રકમની માંગણી કરેલ હોવી જોઈએ. પરંતુ નામદાર સુપ્રીમ કોર્ટના ઉપરોક્ત ચુકાદાને વાંચણે લેતા આરોપીને સમન્સ બજ્યેથી જો તેઓ ઇચ્છતા હોય તો દિન-**૧૫** માં ફરિયાદીને રકમ ચૂકવી શક્યા હોત અને તેઓ સામેની ફરિયાદ રદ કરાવી શક્યા હોત. પરંતુ આરોપી દ્વારા તેવું કરવામાં આવેલ નથી. તેથી નામદાર સુપ્રીમ કોર્ટના ઉપરોક્ત ચુકાદા મુજબ તેઓ ડિમાન્ડ નોટિસ નહીં મળ્યા અંગેની તકરાર લઈ શકે નહીં.

**<u>કલમ-૧૪૨ મુજબ સંજ્ઞાન લેવા બાબત :</u>**

**૧૭)** સદર કામે ફરિયાદ લેખિતમાં દાખલ કરવામાં આવેલ છે. હાલના કામે ફરિયાદી દ્વારા **તા.૧૫/૦૬/૨૦૨૨** ના રોજ આંક-૧૪ થી રજૂ ડિમાન્ડ નોટિસ આરોપીને મોકલવામાં આવેલ છે, જે નોટિસ **તા.૧૮/૦૬/૨૦૨૨** ના રોજ બજી ગયેલ હોવાનું પુરાવાના કામે રજૂ કરવામાં આંક-૧૬ થી રજૂ પોસ્ટ ખાતાનો ઓનલાઈન ટ્રેકીંગ રીપોર્ટ પરથી ફલિત થાય છે. આરોપીએ સદર નોટિસ મળ્યેથી પંદર દિવસની અંદર રૂપિયા ચૂકવી દેવા પડે અને જો આરોપી રૂપિયા ન ચૂકવે તો ત્યારબાદ એક મહિનાની અંદર ફરિયાદ દાખલ કરવી પડે. હાલના કામે ફરિયાદ **તા.૧૫/૦૭/૨૦૨૨** ના રોજ દાખલ કરવામાં આવેલ છે. આમ, ફરિયાદીએ આરોપીને નોટિસની બજવણી થયેથી પંદર દિવસમાં સદર રકમ નહીં ચૂકવતા એક મહિનાની અંદર અદાલતમાં ફરિયાદ દાખલ કરી દીધેલ છે. આમ, તેઓ દ્વારા કાયદાની જોગવાઈનું પાલન કરવામાં આવેલ છે.

**ફરિયાદીના પુરાવાના સોગંદનામા અને ઊલટતપાસ બાબત :**

**૧૮)** ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા આ કામના ફરિયાદી **હેમંતભાઈ બી. કોઠારી**નાઓએ આંક–૦૪ થી પુરાવારૂપી સોગંદનામું રજૂ કરેલ છે અને તેઓએ ફરિયાદ હકીકતને અનુરૂપ પુરાવો આપેલ છે. **ત્યારબાદ ફરિયાદીની આરોપી તરફે કરવામાં આવેલી ઊલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** તેઓ આરોપીને આશરે સાત થી આઠ વર્ષથી ઓળખે છે, જેથી આરોપીની બધી માહીતી તેમને છે, આરોપી સલુણ હાઈસ્કુલમાં નોકરી કરતા હતા, હાલ તેઓ કયાં નોકરી કરે છે તેની તેમને ખબર નથી, આરોપીના ઘરના કેટલા સભ્યો છે તેની તેમને ખબર નથી, તેઓ હાલમાં નિવ્રુત છે, અગાઉ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, સંતરામ શાખામાં નોકરી કરતા હતા, તેઓએ ફરીયાદ, નોટીસ અને પુરાવાનુ સોગંદનામુ તેમના લખાવ્યા મુજબ તેમના વકીલશ્રીએ લખેલ છે, તેઓએ જુલાઈ–૨૦૨૧ માં આરોપી જે સ્કુલમાં નોકરી કરતા હતા ત્યાં સલુણ મુકામે જઈને નાણાં આપેલા, તેઓએ આરોપીને સલુણ જઈને પૈસા આપેલા છે તેવી હકીકત નોટીસ, ફરીયાદમાં જણાવેલ નથી, આ આરોપીને આજદિન સુધી તેઓ આઠથી દસ વખત રુબરુ મળેલા છે, આરોપીનો મોબાઈલ નંબર તેમને મોઢે યાદ નથી, ચેક કરીને આપી શકે, ફરીયાદીને તેમના મોબાઈલમાં આરોપીનો ફોન નંબર જોઈને જણાવવાનુ કહેતાં આરોપીનો મોબાઈલ નં.૭૯૯૦૭૮૨૫૨૪ નો જણાવેલ છે, આ નંબર ઉપર તેઓએ આજદિન સુધી પૈસાની ઉઘરાણી કરવા માટે એક જ વખત ફોન કરેલ છે, આરોપીને રૂા.૯૫,૦૦૦/– રોકડમાં આપેલ છે, તેમની નોટીસ અને ફરીયાદમાં આરોપીને રોકડમાં રકમ આપેલ હોય તેવી હકીકત જણાવેલ નથી, તેઓએ બેંકમાં નોકરી કરેલ હોઈ વ્યવહાર કઈ રીતે થાય તે તેઓ જાણે છે, એ વાત તેઓ જાણતા નથી કે, રૂા.૨૦,૦૦૦/– થી વધુની રકમ હોય તો ચેકથી આપવી પડે, તેઓ ઈન્કમટેક્ષ ભરે છે, તેઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબ છ માસ માટે આરોપીને પૈસા આપેલા, આરોપીને ચેક પરત ફર્યાની જાણ રજી.એડી.થી નોટીસ મોકલીને કરેલી, હવે તેઓ કહે છે કે, ફરીયાદના પેરા નં.૩ માં જણાવેલ હકીકત સાચી છે, ત્યારબાદ સદર ચેક તેઓએ તા.૦૨/૦૬/૨૦૨૨ ના રોજ બેંકમાં ભરેલો, તેમને આંક–૧૧વાળો ચેક

બતાવવામાં આવે છે, તે જોઈને તેઓ કહે છે કે તેમાં સહી સિવાયની વિગતો અંગ્રેજી ભાષામાં લખેલી છે, તેમને આંક–૧૪ બતાવવામાં આવે છે, તે જોઈને જણાવે છે કે તેમાં તેમની સહી છે, આંક–૧૧ વાળા ચેકની વિગતો તેઓએ ભરેલી છે, સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે સહી આરોપીએ કરેલી છે, આરોપીને જે દીવસે સલુણ મુકામે પૈસા આપ્યા તે જ દિવસે તેમણે મને ચેક આપેલો, સદર ચેક તેઓએ સીકયોરીટી પેટે લીધેલો, તેઓએ આજ–દીન સુધીની કલમ–૧૩૮ની એક જ ફરીયાદ દાખલ કરેલી છે, તેઓ પ્રદીપભાઈ દલવાડીને ઓળખતા નથી, એ વાતની તેઓને ખબર નથી કે આરોપી જુન–૨૦૨૧ થી જુન–૨૦૨૨ સુધી કપડવંજ મુકામે નોકરી કરતા હતા, આરોપી જુન–૨૦૨૨ પછી કયા નોકરી કરતા હતા તેની તેમને ખબર નથી, આરોપીને આઠ થી દશ વખત સલુણ હાઈસ્કુલમાં મળેલ, તેઓ સલુણ હાઈસ્કુલ સીવાય બીજે કયાય મળેલા નથી, આરોપી પગાર કેટલો આવે છે તે તેઓ જાણતા નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓ શિક્ષક છે તે રીતે રકમ આપેલી.

**<u>આરોપીના પુરાવાના સોગંદનામા અને ઊલટતપાસ બાબત :</u>**

**૧૯)** બચાવપક્ષે રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપી અભિજીત પુરૂષોતમદાસજી ઝાનાઓએ આંક–૪૦ થી પુરાવારૂપી સોગંદનામું રજૂ કરેલ છે અને તેઓએ ફરિયાદ હકીકતની વિરૂદ્ધનો પુરાવો આપેલ છે. **ત્યારબાદ આરોપીની ફરિયાદી તરફે કરવામાં આવેલી ઊલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** ફરીયાદ, નોટીસમાં તેઓનુ જે એડ્રેસ બતાયુ છે તે સાચુ છે પરંતુ ઘર નંબરમાં ભુલ છે, જી–પની જગ્યાએ ખાલી પાંચ લખેલુ છે, તેઓએ જે પુરાવા સોગંદનામુ રજુ કરેલુ છે તે તેઓએ વાંચેલુ છે, તેઓએ પોતે જે સોગંદનામુ રજુ કરેલ છે તેમા પણ ઘર નંબર લખવામાં ભુલ છે, તેઓએ રજુ કરેલ સોગંદનામાની તમામ હકીકત સાચી છે, તેઓ સલુણ ગામે નોકરી કરતા હતા, જુલાઈ–૨૦૨૧ના મહીનામાં પ્રાથમીક શાળા, ચપાટીયા, તા.કપડવંજ ખાતે નોકરી કરતા હતા ત્યારે તે માસ દરમ્યાન કેટલા દીવસ નોકરી કરી અને કેટલા દીવસ રજા પાડી તે બાબતનો

કોઈ પુરાવો તેઓએ આ કામે રજુ કરેલ નથી, સાહેદ સ્વેચછાએ જણાવે છે કે તે બાબતની મંજુરી મેળવવા કાર્યવાહી કરેલ છે માહિતી મળેથી તેઓ રજુ રાખશે. તેઓને આંક–૧૧ વાળો અસલ ચેક બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે, સલુણમાં તેઓ નોકરી કરતા હતા તે સ્ટાફમાં તેમના મિત્ર વર્તુળ હતુ, તારીખ ૨૫.૦૪.૨૦૧૯ પછી તેઓએ સદર શાળા કે શાળાના તેમના શિક્ષક મિત્રોની મુલાકાત લીધી નથી, તેમને સવાલ પુછવામાં આવેલ કે, તમારો ચેક સદર ફરીયાદી પાસે કેવી રીતે આવ્યો તે તમે કહી શકો? જેના જવાબમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ચોકકસ કહી શકે નહી પરંતુ તેમના પોતાના મકાનમાંથી તેમની બહેનના ઘરમાં રહેવા ગયા, તા.૨૮/૦૫/૨૦૧૯ના રોજ તેમની બે ચેકબુક ખોવાચેલી પંરતુ તેની તેઓએ ફરીયાદ કરેલ નહી, તેઓને સવાલ પુછવામાં આવેલ કે, ચેક બુક ખોવાય ત્યારે શુ તમે ચેકમાં સહી કરેલી હતી? જેના જવાબમાં તેઓએ જણાવેલ છે કે, તેઓએ સહી કરેલી હતી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે–૨૦૨૫ના મહીનામાં તેમના બે ચેક સહી કરેલા રૂા.૧૦,૦૦૦/– વાળા મકાન બદલતી વખતે ગુમ થયેલા તે બાબતની તેઓએ ઓનલાઈન વેબ પોર્ટલમાં પોલીસ ફરીયાદ કરેલી જેથી તેમને પોલીસ સ્ટેશનમાંથી ફોન આવેલો અને તેમને કહેલ કે તમે બેંકમાં સ્ટોપ પેમેન્ટની અરજી આપો અને તેઓએ લેખિતમાં રાપર પોલીસ સ્ટેશનને નિવેદન મોકલી આપેલું, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વર્ષ ૨૦૨૨ થી રાપર મુકામે એકલા રહે છે, સાહેદ સ્વેચચ્છા એ જણાવે છે કે, રૂા.૧ ૦,૦૦૦/–ની રકમ વાળો ચેક સહી વાળો મુકી રાખો છે, રાપરમાં જયારે તેઓ એકલા રહેતા હતા ત્યારે પણ તેઓએ આવા રૂા.૧૦,૦૦૦/–ની રકમ વાળા બે ચેક સહી વાળા લખેલા હતા જે મકાન બદલતા ખોવાચેલ છે, તેઓ ૪૨ વર્ષની ઉમરના છે અને તઓ ગણિત અને વિજ્ઞાનના શિક્ષક છે. તેઓને સવાલ પુછવામાં આવેલ કે, હાલની ફરીયાદવાળા ચેક સાથે બીજા બે ચેક ખોવાચેલા તેની તમે પોલીસ ને જાણ કરેલી? જેના જવાબમાં જણાવેલ છે કે, તેઓએ પોલીસમાં મૌખીક જાણ કરેલી, તેમને એક ચેક મળી ગયેલ છે બીજા ચેકની આ ફરીયાદ છે અને ત્રીજો ચેક આજ દીન સુધી મળેલ નથી, તેઓ છ બેંક એકાઉન્ટ ધરાવે છે, તે પૈકી તેઓ ત્રણ બેકના એટીએમ કમ ડેબીટ કાર્ડ ધરાવે છે, તેઓ એટીએમ કમ ડેબીટ કાર્ડ હોવા છતા તેમના

સ્વખર્ચ માટે ચેકથી પૈસા ઉપાડે છે, તે માટે તેઓ એડવાન્સમાં સહી કરેલા રકમ લખેલા ચેક રાખે છે, હાલના કામે ચેકમાં લખેલ રકમ રૂા.૯૫,૦૦૦/– એ તેમના અક્ષરના નથી, મારી બદલીના લીધે અનેક જગ્યાએ બેંક ખાતા ખોલાવાનો પ્રશ્ન ઉદભવેલ છે, વર્ષ ૨૦૧૯ ના તેમના જે ત્રણ ચેક ખોવાયેલ જે બેંક ઓફ બરોડાના હતા પંરતુ અલગ અલગ ચેક બુકના હતા, તેઓ એક કરતા વધુ ચેક બુક ધરાવે છે, વર્ષ ૨૦૧૯માં જે ત્રણ ચેક ખોવાયેલ તેમા તેમની સહી સીવાય અન્ય કોઈ વિગત ભરેલ નથી. તે સિવાયના ડિનાયલ સ્વરૂપે સવાલોના જવાબો નકારમાં આપેલ છે.

**કલમ–૧૩૯ ના અનુમાન બાબત :**

**૨૦)** આ કામે ફરિયાદપક્ષ તકરારી ચેક આ કામના આરોપીએ કાયદેસરના દેવા પેટે ફરિયાદીને આપેલ હોવાની હકીકત જણાવે છે, જ્યારે કે બચાવ પક્ષ પોતાના વિશેષ નિવેદનમાં ખોટો કેસ કરેલ હોવાની હકીકત જણાવે છે. ઉપરોક્ત સંજોગોમાં કાયદાની કલમ–૧૩૯ વાંચણે લેતા જ્યારે કોઈ ચેક ઇસ્યુ કરવામાં આવે તો તે કાયદેસરના દેવા કે જવાબદારી પેટે ઇસ્યુ કરવામાં આવેલ છે તેવું અનુમાન ચેક ધારણ કરનારના તરફેણમાં માનવાનું થાય છે. હાલના ચેકમાં ફરિયાદી ચેક ધારણકર્તા છે અને આમ સદર ચેક તેઓને આરોપીએ કાયદેસરના દેવા કે જવાબદારી પેટે આપેલ હોવાનું અનુમાન કાયદા મુજબ કરવું પડે. હવે જો આરોપી આવી હકીકતનું ખંડન કરવા માંગતા હોય અને તેનાથી વિરુદ્ધની હકીકત પુરવાર કરવા માંગતા હોય તો તેવી હકીકત પુરવાર કરવાની જવાબદારી બચાવ પક્ષના શિરે રહે છે. જો બચાવ પક્ષનું એવું કથન હોય કે તકરારી ચેક ફરિયાદીને આપેલ નથી તો તેવા સંજોગોમાં તેવી હકીકત પુરવાર કરવાની જવાબદારી બચાવ પક્ષની રહે છે અને જો બચાવ પક્ષ એવી હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નીવડે તો કાયદાની જોગવાઈ મુજબ સદર ચેક બચાવ પક્ષે ફરિયાદીને કાયદેસરના દેવા કે જવાબદારી પેટે આપેલ હોવાની હકીકત પુરવાર થાય છે.

**ફરિયાદ પક્ષની પુરવાર હકીકતો અને બચાવ પક્ષ દ્વારા તેનું ખંડન :**

**૨૧)** ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબનો તમામ દસ્તાવેજી અને મૌખિક પુરાવો વાંચણે લેવામાં આવે તો કાયદાની કલમ–૧૩૮ માં દર્શાવેલ પ્રક્રિયાનું પાલન થયેલ છે તેમજ કાયદાની કલમ–૧૧૮ તથા ૧૩૯ ના અનુમાનો તથા ફરિયાદ પક્ષ દ્વારા તેમના કેસના સમર્થનમાં રજૂ રાખવામાં આવેલા ચુકાદાને તપાસતા આ કામના આરોપી તરફથી ફરિયાદીને આપવામાં આવેલ ચેક આરોપીના બેંક ખાતામાં વટાવવા માટે રજૂ કરતા તે ચેક "**Funds Insufficient**" ના શેરા સાથે પરત કરવામાં આવેલ. ત્યારબાદ આરોપીને ફરિયાદીએ કાયદાની જોગવાઈ મુજબ ડિમાન્ડ નોટિસ મોકલી ચેક પરત ફર્યાની જાણ કરેલ હોવા છતાં અને નિયમ સમય સુધી રાહ જોવા છતાં ફરિયાદીને તેની કાયદેસરની લેણી રકમ નહીં ચૂકવીને આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાની હકીકતો પુરવાર થાય છે. હવે, જ્યારે આવી હકીકત પુરવાર થાય છે ત્યારે સદર પુરવાર થયેલ હકીકતનું ખંડન કરવાની જવાબદારી બચાવ પક્ષના શિરે રહે છે. તેવા સંજોગોમાં બચાવ પક્ષે બચાવમાં લીધેલી હકીકતો ધ્યાને લેવી જરૂરી બને છે.

**૨૧.૧)** સદર કેસ તા.**૧૫/૦૭/૨૦૨૨** ના રોજ નામદાર કોર્ટમાં દાખલ થયેલ છે. સદર કામે આરોપીને નામદાર કોર્ટનો સમન્સ બજેલ છે. આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી તારીખ નામદાર કોર્ટમાં હાજર રહેલ છે અને આંક–૦૯ થી **તા.૧૫/૧૨/૨૦૨૨** ના રોજ આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે. આમ, વર્ષ **૨૦૨૨** થી આરોપી સામે તેની સામે નામદાર કોર્ટમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળના ગુનાનો કેસ ચાલતો હોવાની હકીકતથી માહિતગાર છે. ક્રિમિનલ જ્યુરિસપ્રુડન્સના સામાન્ય સિદ્ધાંત મુજબ આરોપી સામે કેસ નિઃશંક પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષના શિરે રહે છે. પરંતુ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૧૮ અને ૧૩૯ સદર સામાન્ય સિદ્ધાંતને અપવાદરૂપ છે. જ્યારે ફરિયાદી પાસે ચેક છે ત્યારે કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ મુજબ તે આરોપી પાસેથી કાયદેસરના લેણાં પેટે છે

તેવું અનુમાન કરવું પડે. હવે જો આરોપી તેનાથી વિપરીત હકીકત પુરવાર કરવા માંગતા હોય તો કલમ–૧૩૯ ના અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપીના શિરે રહે છે. આરોપીએ પ્લીમાં ગુનો કબૂલ નથી તેવું કહેવા માત્રથી કલમ–૧૩૯ નું ખંડન કરેલ છે તેવું માની શકાય નહીં.

**ચેકમાં સહી બાબતે :**

**૨૨)** નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ – ૧૧૮ અને ૧૩૯ મુજબ જ્યારે ફરિયાદી પાસે ચેક છે ત્યારે તે આરોપી પાસેથી કાયદેસરના લેણા પેટે છે તેવું અનુમાન કરવું પડે. સદર અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપીના શિરે રહે છે. આરોપીએ માત્ર અસ્પષ્ટ હકીકતોના આધારે કલમ – ૧૩૯ નું ખંડન કરેલ છે તેવું માની શકાય નહીં. આરોપીએ સ્પષ્ટપણે પુરવાર કરવું પડે કે યા તો તેમનું ફરિયાદી પરત્વે કોઈ કાયદેસરનું લેણુ નથી અથવા સદર ચેકમાં તેમની સહી નથી. હાલના કેસમાં આરોપી આવી કોઈ હકીકત રેકર્ડ પર લાવવામાં સફળ રહેલ નથી, તેથી બચાવ પક્ષે લીધેલ સદર તકરાર માની શકાય નહીં.

**૨૨.૧)** વધુમાં સદર હકીકત બાબતે **નામદાર વડી અદાલત દ્વારા AIR 2019 SUPREME COURT 2446, Criminal Appeal Nos. 230–231 of 2019, Bir Singh Vs. Mukesh Kumar** ના ચુકાદામાં પેરા ૩૮ વંચાણે લેવો આવશ્યક જણાઈ છે જે નીચે મુજબ છે.

> "if a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence."

**અસહજ હકીકતો :**

**૨૩)** આ કામના આરોપી ધ્વારા આંક–૪૦ થી સોગંદ ઉપર પુરાવો રજુ કરવામાં આવેલ છે. તેમાં જણાવેલ છે કે, અમો તહોમતદારે આવો કોઇ ચેક ફરિયાદીને લખી આપેલ નથી કે ફરિયાદીને ઓળખતા પણ નથી. તેઓની ઉલટતપાસમાં જણાવે છે કે, તેમની બે ચેકબુક ખોવાયેલી પણ તેની ફરિયાદ કરેલ નથી. વધુમાં તેઓ ભણેલા ગણેલા શિક્ષક હોવા છતાં અને તેમની પાસે ત્રણ બેંકના એ.ટી.એમ.કમ ડેબીટ કાર્ડ હોવા છતાં સ્વખર્ચ માટે ચેકથી પૈસા ઉપાડે છે અને એડવાન્સમાં સહી કરેલા રકમ લખેલા ચેક રાખે છે. સદર હકીકતો માનવ સહજ સ્વભાવથી વિપરીત હકીકતો છે અને તેને માનવી કઠીન છે અને તે રીલેવન્ટ ફેકટ હોય તેની નોંધ લેવી ન્યાયિક બને છે.

**અસ્વીકૃતિ બાબત :**

**૨૪)** બચાવ પક્ષે આરોપી દ્વારા ફરિયાદ પક્ષના કેસની તમામ હકીકતોનો અસ્વીકાર કરેલ છે. તેવા સંજોગોમાં શું અસ્વીકાર કરવા માત્રથી ફરિયાદ પક્ષની પુરવાર હકીકતોનું ખંડન થયું ગણાય ? સદર પ્રશ્નના જવાબ માટે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા **Kishan Rao v/s Shankargouda, Criminal Appeal No.** 802 **of** 2018, 2018 **SCC Online SC** 651 માં કરેલ અવલોકનો ધ્યાને લેવા પડે, નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા અવલોકન કરવામાં આવેલ છે કે,

> Held that **a mere denial of the existence of debt by the accused is not sufficient to acquit the accused** and that under Section 139 of the negotiable Instruments Act, there is a presumption that the accused had issued the cheque for the discharge of some debt or liability and **if the accused leads no evidence for his defence**

**rebutting this presumption , then he can be convicted.**

**૨૪.૧)** આમ, ઉપરોક્ત જોયું તે મુજબ આરોપીએ સ્પષ્ટપણે પુરવાર કરવું પડે કે ફરિયાદી પરત્વે કોઈ કાયદેસરનું દેવું નથી અથવા તેમને સદર દેવું ફરિયાદ પહેલા ચૂકતે કરી દીધેલ છે અથવા સદર ચેકમાં તેમની સહી નથી. હાલના કેસમાં આરોપી આવી કોઈ હકીકત રેકોર્ડ પર લાવવામાં સફળ રહેલ નથી.

**અંતિમ તારણ :**

**૨૫**) આ કામના આરોપી **અભિજીત પુરૂષોતમદાસ ઝા,** રહે: ૫, સુંદરવન સોસાયટી, મંજીપુરા રોડ, મુ.તા.નડીઆદ, જી.ખેડાવાળાને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૨૫૫(૨) ની જોગવાઈઓ અન્વયે નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબના ગુનાના કામે કસૂરવાર ઠરાવવામાં આવે છે. નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ ના શબ્દો વાંચણે લેવામાં આવે તો તેમાં સજા બાબતે નામદાર કોર્ટને વિવેકાધીન સત્તા આપવામાં આવેલ છે. સદર ગુનો પુરવાર થાય તો મહત્તમ સજા **૨ (બે)** વર્ષ સુધીની જેલ અથવા ચેકની રકમના બે ગણા સુધીનો દંડ અથવા બંને તેમ જણાવેલ છે. આમ, નામદાર કોર્ટે કેસની હકીકતોને ધ્યાને રાખીને સજા બાબતે હુકમ કરવો જોઈએ. કોઈપણ ગુનામાં મહત્તમ સજા માટે ખાસ અને અસામાન્ય સંજોગો તથા હકીકતો હોવા જોઈએ. હાલના કામે એવા કોઈ અસામાન્ય અને ખાસ સંજોગો જણાતા આવતા નથી. આરોપી સામેના નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબના ગુનાની સજા, ગંભીરતા, આરોપીની ઉંમર, તેનું ભવિષ્ય, તેઓની કટુંબની જવાબદારી વગેરે જેવા તત્ત્વો ધ્યાને લેતા સજા બાબતે નીચે મુજબનો આખરી હુકમ ન્યાયિક જણાય છે. ઉપરોક્ત સમગ્ર ચર્ચા અનુસાર ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધ મૂકવામાં આવેલ આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ હોવાના કારણે મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં અને મુદ્દા નં. ૨ નો જવાબ નકારમાં

આપવામાં આવેલ છે તથા મુદ્દા નં. ૩ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-॥ હુ ક મ ॥-**

૧) આ કામના **અભિજીત પુરૂષોતમદાસ ઝા, રહેઃ ૫, સુંદરવન સોસાયટી, મંજીપુરા રોડ,** મુ.તા.નડીઆદ, જી.ખેડાવાળાને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબના ગુના અંગે ક્રિમિનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩ ની કલમ-૨૫૫ (૨) અન્વયે કસૂરવાર ઠરાવી **૧૨ (બાર) માસની સાદી કેદની સજા**નો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપીએ ક્રિમિનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩ ની કલમ-૩૫૭(૩) મુજબ **ચેકની કુલ રકમ રૂા.૯૫,૦૦૦/- અંકે રૂપિયા પંચાણુ હજાર પૂરા** તેમજ ફરિયાદીને થયેલ ખર્ચ નુકસાન ધ્યાને લેતા **ચેકની રકમના ૧૦% એટલે કે રૂા.૯,૫૦૦/- અંકે રૂપિયા નવ હજાર પાંચસો પૂરા એમ કુલ રૂા.૧,૦૪,૫૦૦/- અંકે રૂપિયા એક લાખ ચાર હજાર પાંચસો પૂરા પેટે કોમ્પેન્સેશન (વળતર)** તરીકે ફરિયાદીને એક માસમાં ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩) જો આરોપી ઉપરોક્ત વળતરની રકમ ચૂકવવામાં કસૂર કરે તો તેવી કસૂર બદલ આરોપીને **વધુ ૬ (છ) માસની સાદી કેદની સજા** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૪) જો વળતરની રકમ બાબતે કસૂર થાય તો કસૂર સામેની સજાનો અમલ મુખ્ય સજા વીત્યા બાદ શરૂ થયેલો ગણવાનો રહેશે.

૫) આ કામના આરોપીને ક્રિમિનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩ ની કલમ-૩૬૩(૧) મુજબ ચુકાદાની પ્રમાણિત નકલ વિના મૂલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૬)** આ કામના આરોપીએ સદરહું કેસના કામે જો અગાઉ કોઈ સજા ભોગવેલ હોય તો ક્રિમિનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩ ની **કલમ–૪૨૮ મુજબ ભોગવેલ સજા મજરે** આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૩ મી, માહે : મે, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૫/૨૦૨૬
સ્થળ: નડીઆદ

શ્રીકાંત દિલીપભાઈ ત્રિવેદી
કોડ નં.જી.જે.૦૧૧૦૪
બીજા એડી. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ,
નડીઆદ